"સ્વચ્છ ભારત અભિયાન" અને "સ્વચ્છ પંચાયત સપ્તાહ" અન્વયે રાજ્ય કક્ષા અને જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક- પરચ- ૧૦૨૦૧૪/૧૭૮૮/ચ
તા- ૨૫/૯/૨૦૧૪

**વંચાણે લીધા-** ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલયના તા. ૧૬/૯/૨૦૧૪ના અ.સ. પત્ર ક્રમાંક- એમ-૧૧૦૧૫/૬૭/૨૦૧૪-ડીપીઇ .

*ઠરાવ-*

ઉપરોકત વંચાણે લીધેલ ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલયના પત્રમાં જણાવ્ય મુજબ રાજયમાં તા. ૨૬/૯/૧૪થી તા. ૨/૧૦/૧૪ સુધી **"સ્વચ્છ પંચાયત સપ્તાહ"** ની થનાર ઉજવણી અને આ અંગે તા. ૨/૧૦/૧૪ના રોજ સ્વચ્છ ગ્રામસભાનું આયોજન કરવા બાબતે તથા તા. ૨/૧૦/૧૪ થી **"સ્વચ્છ ભારત અભિયાન"** નો રાજયમાં આરંભ થઇ રહેલ છે, તે અંગે કરવાની થતી કામગીરીની રૂપરેખા તૈયાર કરીને અસરકારક અમલીકરણ, માર્ગદર્શન અને દેખરેખ રાખવા માટે રાજય કક્ષાની જુદાજુદા વિભાગોનો સમાવેશ કરીને મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને કમિટિની રચના કરવા તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે અંગે આથી પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની રાજય કક્ષાની અને જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવામાં આવે છે.

(૧) રાજય કક્ષાની સમિતિ

- મુખ્ય સચિવશ્રી – અધ્યક્ષ
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ- સભ્ય
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ- સભ્ય
- અગ્ર સચિવશ્રી , પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ- સભ્ય
- અગ્ર સચિવશ્રી , આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ – સભ્ય
- અગ્ર સચિવશ્રી, (પાણી પુરવઠા) ન.જ.સં. પા. પુ . અને ક. વિભાગ- સભ્ય
- સચિવશ્રી, ગ્રામ વિકાસ – સભ્ય
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય - સભ્ય સચિવ

(૨) જિલ્લા કક્ષાની સમિતિ.

- જિલ્લા વિકાસ અધિકારી- અધ્યક્ષ
- નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી- સભ્ય
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી- સભ્ય
- નાયબ નિયામક, પશુપાલન- સભ્ય
- જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી- સભ્ય
- જિલ્લા પાણી પુરવઠા બોર્ડના અધિકારી- સભ્ય
- નાયબ જિલ્લા વિકાસ અધિકારી- સભ્ય સચિવ

રાજય કક્ષાની ઉપરોકત સમિતિ બાબતે આ અંગેની તમામ કાર્યવાહી વિકાસ કમિશ્નરશ્રીએ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢાંરીયા)
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. રા.ક. મંત્રીશ્રી (પં) (સ્વતંત્ર હવાલો) ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર.
૩. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. અગ્ર સચિવશ્રી , પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૭. અગ્ર સચિવશ્રી , આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૮. અગ્ર સચિવશ્રી, (પાણી પુરવઠા) ન.જ.સં. પા. પુ . અને ક. વિભાગ ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૯. સચિવશ્રી, ગ્રામ વિકાસ ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૧૦. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૧૧. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ(વિકાસ કમિશ્નરશ્રી મારફત).
૧૨. સર્વે નિયામકશ્રીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી( ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી મારફત).
૧૩. સર્વે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ, (વિકાસ કમિશ્નરશ્રી મારફત).
૧૪ સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, (વિકાસ કમિશ્નરશ્રી મારફત).
૧૫. સર્વે નાયબ નિયામકશ્રી પશુપાલન (વિકાસ કમિશ્નરશ્રી મારફત).
૧૬. સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, પાણી પુરવઠા બોર્ડ (વિકાસ કમિશ્નરશ્રી મારફત).
૧૭. સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ(વિકાસ કમિશ્નરશ્રી મારફત).
૧૮. સીલેકટ ફાઇલ.